# હરિપ્રસાદ સ્વામીના બ્રહ્મલીન થયા બાદ સોખડા મંદિરમાં ભાગલા પડ્યા

### મંદિરમાં રાજકારણમાં ન જોવા મળ્યા હોય એવા ખેલ : હરિપ્રસાદ સ્વામીના બ્રહ્મલીન થયા બાદ ઉત્તરાધિકારી માટે લડત શરૂ થઈ હતી, આ લડત વિવાદ સુધી પહોંચી




વડોદરા, તા.૨૨

હરિપ્રસાદ સ્વામી બ્રહ્મલીન થયા તેના નવ મહિનામાં જ સોખડા મંદિરના ભાગલા પડ્યા. આ ૯ મહિનામાં રાજકારણમાં ન જોવા મળ્યુ હોય તેવું રાજકારણ હરિધામમાં જોવા મળ્યુ. પ્રબોધ સ્વામી સહિત ૧૭૯ સાધુ-સાધ્વી સેવકોએ હરિધામ સોખડાને અલવિદા કરી છે. પ્રબોધ સ્વામીએ પોતાના જુથનું નામ હરિ પ્રબોધમ આપ્યું છે. જેથી ચારે તરફ ચર્ચા ઉઠી છે કે, હરિધામ સોખડા સ્વામિનારાયણ સંપ્રદાયનું ભગવુ કપડું લજવાયું છે. હરિપ્રસાદ સ્વામીની વર્ષોની તપસ્યા પર તેમના જ અનુયાયીઓ પાણી ફેરવ્યું. રાજાના ગયા બાદ રાજાપાટ ઉઝળી જાય, તેવી હાલત હરિપ્રસાદ સ્વામીના બ્રહ્મલીન થયા બાદ થઈ. સ્વામીઓ ગાદી માટે એવા લડ્યા કે હાઈકોર્ટના દાદરા ચઢી ગયા. બે જૂથના વિવાદ બાદ આખરે ૫૦ ટકા સાધુ સાધ્વીઓ સાથે પ્રબોધ સ્વામીએ હરિધામ છોડ્યું.

હરિપ્રસાદ સ્વામીના બ્રહ્મલીન થયા બાદ તેમના ઉત્તરાધિકારી માટે મંદિરમાં લડત શરૂ થઈ હતી. આ લડત વિવાદ સુધી પહોંચી હતી. પ્રેમસ્વરૂપ સ્વામી અને પ્રબોધસ્વામી ગ્રૂપ સામસામે આવી ગયા હતા. ત્યારે ખુદ સંતોએ જ પોતાના ગુરુની લાજ લજવી છે. ગુરુના નિધનના થોડા દિવસોમાં જ ભક્તોને મહિનાઓ સુધી ગોંધી રખાયા. સુરત-વડોદરામાં હરિભક્તો પર હુમલા થયા.

મંદિરમાંથી સેવકોને હાંકી કાઢવાની અનેક ઘટના બની. બે પાડોશી દુશ્મનાવટ કાઢીને ઝઘડો તેવો ઝઘડો આ મંદિરમાં થોય હતો. વિવાદ વચ્ચે પણ હરિધામ સોખડા છોડતા પહેલા પ્રબોધ સ્વામી અને પ્રેમસ્વરૂપ સ્વામી એકબીજાને મળીને ભએટી પડ્યા હતા. બંન સંતો એકબીજાને મળીને વંદન કરીને છુટા પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, વડોદરાના સોખડાના સ્વામિનારાયણ મંદિરના વિવાદ મામલે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. ૪૦૦ સાધુ સંતો વડોદરા કોર્ટથી વીડિયો કોન્ફરેન્સ મારફતે હાઈકોર્ટમાં હાજર થયા હતા. જસ્ટિસની ચેમ્બરમા બંધ બારણે સુનાવણી કરાઈ હતી. આ દરમિયાન આશ્રમના વકીલ કહ્યું કે, આશ્રમમાં સાધુ સંતોને ગેરકાયદેસર રખાયા ન હતા. હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન હરિભક્તોએ માથા પર ગુલાબી સાફો પહેર્યો હતો. આ કેસમાં પ્રેમ સ્વરૂપ સ્વામી, સેક્રેટરી ત્યાગ વલ્લભસ્વામીનો ટ્રસ્ટની ૧૦ હજાર કરોડની મિલકત હડપ કરવાના પ્રયાસનો આક્ષેપ કરાયો હતો. ત્યારે હાઈકોર્ટે આજે તમામ ૪૦૦થી વધુ સાધુ સંતો અને હરિભક્તોને હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટમાં હેબિયસ કોપર્સ પિટિશનના મામલે મહત્વપૂર્ણ આદેશ કરવામાં આવ્યો હતો. જેમાં મહિલા સાધ્વીઓને નિર્ણયનગર સંત નિવાસ કેમ્પસમા રાખવા આદેશ કરાયો છે, જ્યારે પુરૂષ સંતોને આણંદના બાકરોલ આશ્રમમાં લઇ જવા કોર્ટે આદેશ કર્યો છે. એટલું જ નહીં, હરિભક્તોના પાસપોર્ટ સહિતની વસ્તુ પરત કરવા ઉંઝએ આદેશ આપ્યા છે.

## પંચાયત સેવા પસંદગી મંડળ બોર્ડે વધુ એક ભરતીની કરી જાહેરાત

### ૩૧૩૭ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરાઈ : પંચાયત સેવાની ફિમેલ હેલ્થ વર્કર અને વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી અંગેની જાહેરાત કરવામાં આવી છે

ગાંધીનગર, તા.૨૨

સરકારી નોકરીની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા વધુ એક ભરતી બહાર પાડવામાં આવી છે. ફિમેલ હેલ્થ વર્કર વર્ગ-૩ની ભરતીની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૩૧૩૭ જગ્યાઓ માટે ભરતી બહાર પાડી હોવાની માહિતી સામે આવી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પંચાયત સેવાની ફિમેલ હેલ્થ વર્કર, વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી અંગેની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૩૧૩૭ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરાઈ છે.

પંચાયત સેવા વર્ગ-૩ માં ઉમેદવારો પસંદ કરવા માટે તારીખ ૨૬-૦૩-૨૦૨૨થી તારીખ ૧૦-૦૫-૨૦૨૨ દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. સંબંધિત સંવર્ગોની સીધી ભરતીની જગ્યા માટેની વિગતવાર જાહેરાત જેમાં વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, ઓનલાઈન અરજી કરવાની રીત, ફી ભરવાની રીત તથા કુલ કક્ષાવાર જગ્યાઓ પૈકી દિવ્યાંગ ઉમેદવારો, માજી સૈનિકો માટે અનામત જગ્યાની વિહતો તેમજ અન્ય વિગતવાર જોગવાઈ/માહિતી/સુચના/શરતો દર્શાવતી વિગતવાર જાહેરાત મંડળના નોટીસ બોર્ડ પર તેમજ મંડળની વેબસાઈટ પર અને ઓજસ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે હાલમાં જ અન્ય ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિની ફરિયાદો કરવામાં આવી હતી જેને લઈને ઘણો વિવાદ ઉભો થયો હતો, ત્યારે આ પરીક્ષામાં વધુ ઉમેદવારો નોંધાતા હવે પરીક્ષાનું કડક આયોજન કરવામાં આવી રહ્યું છે જે, પરીક્ષા કેન્દ્ર પર મોબાઈલ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. અને આ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવીથી મોનીટરીંગ કરવામાં આવશે.

## રાજ્યમાં કોરોનાના નવા ૧૧ કેસ : ૯૮ એક્ટિવ કેસ

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં ફરીથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે ગઈકાલ કરતા આજે કોરોનાના નવા કોરોના કેસ ઓછા નોંધાયા છે. આજે કોરોનાના નવા ૧૧ કેસ નોંધાયા છે, તો બીજી તરફ ૧૧ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૧૮૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં કુલ ૮૮,૬૪૮ રસીના ડોઝ આજના દિવસમાં આપવામાં આવ્યા હતા. બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૯૮ એક્ટિવ કેસ છે. જે પૈકી એક પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તો બીજી તરફ અત્યાર સુધીમાં ૧૨૧૩૧૮૪ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦૯૪૩ નાગરિકોનાં મોત થઇ ચુક્યા છે. આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત થયું નથી. નવા કુલ ૧૧ કેસ નોંધાયા છે જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૪, વડોદરા કોર્પોરેશનમાં ૩, વડોદરા ૨, બનાસકાંઠામાં ૧, ગાંધીનગર ૧ એમ કુલ મળીને ૧૧ કેસ નોંધાયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના નાગરિકોમાં ૧૦૩૩ ને પ્રથમ અને ૧૩૭૫૧ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૨૯૩ અને ૨૭૬૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૧૦૬૧ નાગરિકોને પ્રિકોર્શન ડોઝ અપાયા હતા.

## બગોદરા-તારાપૂર ૫૪ કિમી ૬ લેન થયેલા માર્ગનું લોકાર્પણ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગનું લોકાર્પણ કર્યુ : આ રસ્તો દક્ષિણ અને મધ્ય ગુજરાતના લાખો નાગરિકોને અવરજવર માટે એક સેતુરૂપ સાબિત થશે : પૂર્ણેશ મોદી






ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના મુખ્યમંત્રીએ રૂ. ૬૪૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા બગોદરા-તારાપૂર-વાસદ ૫૪ કિલોમીટર રસ્તાની પૂર્ણ થયેલી સિક્સલેન કામગીરીનું લોકાર્પણ કર્યુ હતું. ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, દેશ અને દુનિયાના લોકો ઉદ્યોગ-વેપાર રોકાણો માટે ગુજરાત પર પસંદગી ઉતારે છે તેના મૂળમાં રાજ્યની સુદ્રઢ કનેક્ટીવિટી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે રેલ, રોડ, સહિતની કનેક્ટીવિટીનું જે બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવ્યું છે તેણે ગુજરાતને વિકાસના રોલ મોડેલ તરીકે પ્રસ્થાપિત કર્યું છે.

રાજ્યના માર્ગ-મકાન વિભાગે આ બગોદરા-તારાપૂર-વાસદ ના સમગ્ર માર્ગને ૬ લેન કરવાનો પ્રોજેક્ટ બે પેકેજમાં હાથ ધરવાનો નિર્ણય કરીને તારાપૂર-વાસદ માર્ગની રૂ. ૧૦૦૫ કરોડના ખર્ચે ૬ લેન કામગીરી ઓક્ટોબર-૨૦૨૧માં પૂર્ણ કરી દીધી હતી

.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશ મોદીની ઉપસ્થિતીમાં આજે આ માર્ગના પેકેજ-૧ ની રૂ. ૬૪૯ કરોડના ખર્ચે પૂર્ણ થયેલી બગોદરા થી તારાપૂરના ૫૪ કિલોમીટર માર્ગની ૬ લેન કામગીરીનું લોકાર્પણ સંપન્ન કર્યુ હતું. ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ કે, ગુજરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશા દર્શનમાં વિકાસને નવી ગતિ આપીને નીત નવા સિમાચિન્હો હાંસલ કરી રહ્યું છે.

વિકાસની રાજનીતિથી છેવાડાના અંતરિયાળ ગામોના લોકોને પણ રોડ-રસ્તા, પાણી, શિક્ષણ આરોગ્ય જેવી સુવિધાથી સાંકળી લઈને વિકાસ કોને કહેવાય તે આપણે લોકોને બતાવી દીધુ છે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, હવે લોકોએ પણ ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત એ વાત સ્વીકારી લીધી છે

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાને વિકાસની સ્પર્ધાનો યુગ શરૂ કરાવ્યો છે અને છેક છેવાડાના માનવી સુધી સુખ, સુવિધા પહોચાડવાના કરોડો રૂપિયાના વિકાસ કામોથી લોકોને સાંકળ્યા છે. વિકાસની પ્રાથમિક શરત એવી ત્રણ મુખ્ય બાબતો શિક્ષણ, સ્વાસ્થ્ય અને શાંતિને પણ સરકારે અગ્રતા આપી છે, એમ તેમણે ઉમેર્યુ હતું

મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, ગ્રામીણ ક્ષેત્રોને પણ પાકા રસ્તાની સુવિધા આપવા પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજનામાં ૧૩૭૦૦ કિલોમીટરના ગ્રામ માર્ગોના રૂ. ૪૦૮૬ કરોડના કામો બે દાયકામાં પૂર્ણ કર્યા છે.

## કેમ્પસ એક્ટિવવેર લિમિટેડ - આઈપીઓ ૨૬ મીએ ખુલશે

કેમ્પસ એક્ટિવવેર લિમિટેડ ("સીએએલ" અથવા "કંપની")એ ૨૬ એપ્રિલ, ૨૦૨૨ને મંગળવારે આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) લાવવાની યોજના બનાવી છે, જેમાં સામેલ દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૫ છે. આ ઓફરમાં ૪૭,૯૫૦,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર ("ઓફર") સામેલ છે. એન્કર રોકાણકારો ૨૫ એપ્રિલ, ૨૦૨૨ને સોમવારે બિડ કરી શકશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ.૨૭૮ થી રૂ.૨૯૨ નક્કી કરવામાં આવી છે. બિડ લઘુતમ ૫૧ ઈક્વિટી શેર અને પછી ૫૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.

ઓફરમાં હરિ ક્રિષ્ન અગ્રવાલ દ્વારા ૮,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર, નિખિલ અગ્રવાલ દ્વારા ૪,૫૦૦,૦૦૦ ઈક્વિટી શેર (સંયુક્તપણે "પ્રમોટર વિક્રેતા શેરધારકો"), ટીપીજી ગ્રોથ ૩ એસએફ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૨૯,૧૦૦,૦૦૦ ઈક્વિટી શેર, ઓઆરજી એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ દ્વારા ૬,૦૫૦,૦૦૦ ઈક્વિટી શેર (સંયુક્તપણે "રોકાણકાર વિક્રેતા શેરધારકો"), રાજીવ ગોયલ દ્વારા ૧૦૦,૦૦૦ ઈક્વિટી શેર અને રાજેશકુમાર ગુપ્તા દ્વારા ૨૦૦,૦૦૦ ઈક્વિટી શેર (સંયુક્તપણે "અન્ય વિક્રેતા શેરધારકો")ના વેચાણની ઓફર સામેલ છે. ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ માટે અનામત હિસ્સો ("એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન") પણ સામેલ છે.

કંપનીએ ૧૮ એપ્રિલ, ૨૦૨૨ના રોજ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, દિલ્હી અને હરિયાણામાં રજૂ કરેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ("આરએચપી") મારફતે ઈક્વિટી શેર ઓફર કર્યા છે અને તેનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") પર થશે. ઓફરના ઉદ્દેશ માટે નિયુક્ત સ્ટોક એક્સચેન્જ બીએસઈ રહેશે.

## એલઆરડીમાં ૨૦ ટકા વેઈટિંગ રિ-ઓપનની માગનો સ્વિકાર

### રાજ્યમાં લાંબા સમયથી ચાલતા આંદોલનનો અંત : બે દિવસમાં આ અંગેનો જીઆરડી કરવા સરકારની જાહેરાત

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં લાંબા સમયથી ચાલી રહેલા આંદોલનનો સુખદ અંત આવ્યો છે. ૨૦ ટકા વેઈટિંગ લિસ્ટ રિ-ઓપન કરવાની ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા જાહેરાત કરાઈ છે. હવે ઉમેદવારોના હિતમાં વેઈટિંગ લિસ્ટ બનાવાશે. રવિવાર બપોર સુધીમાં ઑફિશિયલ જીઆરડી થઈ જવાની જાહેરાત કરી. તેમજ ગૃહરાજ્ય મંત્રીએ એલઆરડી ઉમેદવારોની બાધાના પારણાં કરાવ્યા. રાજ્ય સરકારે ઉમેદવારોની મુખ્ય માગણી ખાસ વિજય મુહૂર્તમાં ૧૨.૩૯ મિનિટે સ્વીકારી લીધી છે અને ૨ દિવસમાં આ મામલે પરિપત્ર જાહેર કરવામાં આવશે. હર્ષ સંઘવીએ આ વિશે કહ્યું હતું કે ૨૦૧૮-૧૯માં લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક ૧૨,૧૯૮ જગ્યા પર સીધી ભરતીથી ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેનું પરિણામ ૨૦૨૦માં આવ્યા હતું, પરંતુ વેઈટિંગ લિસ્ટ બનાવાયું નહોતું. સરકારને મળેલી વિવિધ રજૂઆતોને લઈને ઉમેદવારોના હિતમાં વેઈટિંગ લિસ્ટ બનાવવાનો ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ચાલતી સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. હવેથી લોકરક્ષ દળની ભરતીમાં રાજ્યમાં સૌપ્રથમવાર ખાસ કિસ્સામાં ૧૦ ટકાને બદલે હવે ૨૦ ટકા પ્રતીક્ષાયાદી તૈયાર કરાશે.

તેમણે વધુમાં જણાવ્યુ કે, ભરતી પરીક્ષામાં સતત વધી રહેલા ગુનાઓને બનતા અટકાવવા માટે અને કાયદો વ્યવસ્થા સાચવવા પહેલી વાર વેઈટીંગ લીસ્ટ ૨૦ ટકા કરવામાં આવ્યું છે. આ નિર્ણયથી વય મર્યાદા વટાવી ચુકેલા ઉમેદવારોને સરકારી નોકરીની તક મળશે. પોલીસ બેડામાં વધારે ઉમેદવારો મળશે. પરમ દિવસ બપોર સુધી પરિપત્ર કરવામાં આવશે.જો કોઈ ઉમેદવાર પર આંદોલન દરમિયાન કોઈ નાના મોટા કેસ દાખલ થયા હશે તો કાયદાની જોગવાઈમાં રહી બનતી પુરતી મદદ સરકાર દ્વારા યુવાનોને કરવામાં આવશે. સરકારે એલઆરડી ઉમેદવારોને વાયદો આપ્યો હતો એ પુર્ણ કર્યો છે. પુરુષની ભરતીમાં ૨૦ ટકા વેઈટીંગ લિસ્ટ ઓપરેટ થશે. મહિલા ઉમેદવારોનું વેઈટીંગ લિસ્ટ ક્લીયર કરી દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૧૯માં પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું કે, લોકરક્ષક પરીક્ષાર્થીઓ વેઈટિંગ લિસ્ટની માગ રૂપાણીને કરી હતી. ઉમેદવારોની રજૂઆતને ધ્યાને લેતાં રૂપાણી સરકારે વેઈટિંગ લિસ્ટ જાહેર કરવાનો નિર્ણય કર્યો હતો.

## હાર્દિકે જાહેરમાં બોલવાની હિંમત કરી : ભાજપની હાર્દિકે પ્રસંશા કરતા પાટીલની પ્રતિક્રિયા

અમદાવાદ, તા.૨૨

છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ અને અગ્રણી પાટીદાર નેતા હાર્દિક પટેલ સ્ટેટ લીડરશીપથી નારાજ છે. શુક્રવારે કરેલી પ્રેસ કોન્ફરન્સમાં હાર્દિક પટેલે કોંગ્રેસની લીડરશીપ સામે સવાલો ઉઠાવ્યા હતા. બીજી તરફ હાર્દિકે ભાજપની પ્રશંસા પણ કરી હતી. હાર્દિકે કહ્યું કે, ભાજપે જે તત્કાલ રાજકીય નિર્ણયો લીધા છે તે પ્રશંસનીય છે. હાર્દિકના નિવેદન પર ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, ભાજપ અને પીએમ મોદીની વિચારધારાથી આખો દેશ પ્રભાવિત છે. હાર્દિક પટેલ સિવાય કોંગ્રેસના અન્ય નેતાઓ પણ ઘણા પ્રભાવિત હશે. સીઆર પાટીલે મીડિયાને જણાવ્યું કે, આખો દેશ ભારતીય જનતા પાર્ટી અને પીએમ મોદીની વિચારધારાથી પ્રભાવિત છે. પીએમ મોદી અને તેમની કામ કરવા પદ્ધતિ અને દેશનો જે રીતે આગળ વધાર્યો છે. ત્યારે દરેક ક્ષેત્રમાં એક સર્વાંગી વિકાસ કોને કહેવાય એ તેમને છેલ્લા ૨૦૧૪થી આખા દેશ અને દુનિયાને બતાવ્યું છે. ત્યારે સ્વાભાવિક છે કે કોંગ્રેસના ઘણા નેતા હાર્દિક પટેલ સિવાય પણ પ્રભાવિત હશે.

### મહત્તમ તાપમાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો સતત ૪૧ થી ૪૨ ડીગ્રી વચ્ચે જોવા મળે છે. બે દિવસ અગાઉના વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનુ જોર એક દિવસ માટે ઘટયુ હતુ ગરમી ૩૯ ડીગ્રી આવી જતા વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. પરંતુ ગઈકાલથી અચાનક જ ગરમીનુ પ્રમાણ વધી ગયુ હતુ ગરમીનો પારો ૨ ડીગ્રી ઉપર આવ્યો હતો જયારે આજે સતત બીજા દિવસે પણ ગરમીનો મિજાજ આક્રમક રહ્યો હતો. મહત્તમ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં ૦.૫ ડીગ્રી વધ્યુ હતુ જયારે ગરમીનો પારો ૪૨ ડીગ્રીએ પહોંચી ગયો હતો. અત્યાર સુધી મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નજીક રહ્યુ છે જે સિઝનનુ અત્યાર સુધીની રેકર્ડ બ્રેક ગરમી છે. જયારે હવામાન તજજ્ઞોના મતે આગામી દિવસોમાં હજુ પણ ગરમીનો પારો વધુ ઉગ્ર બનશે. દિવસ દરમિયાન આકરી ગરમીના લીધે આકાશમાંથી આગ વરસતી હોવાના લીધે નગરજનો ચામડીને દાહ આપતી ગરમી વેઠી રહ્યા છે. આવા સંજોગોમાં લું લાગવાના લીધે આરોગ્ય કથળે તેવી સ્થિતિ છે. જેને અનુલક્ષી નગરજનોને કામ સિવાય આકરા તાપમાં બહાર ન નિકળવુ પણ સલાહભર્યુ હોવાનુ તબીબોએ જણાંવ્યુ છે. આકરી ગરમીથી સૌ કોઈ તોબા પોકારી ગયા છે. માર્ચ એપ્રિલમાં જ ગરમીએ હદ વટાવી છે ત્યારે મે મહીનામાં હજુ ગરમી રૌદ્ર સ્વરૂપ ધારણ કરશે તેમ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. વધતી ગરમીથી બચવા માટે નગરજનો અનેક નુસખાઓ અજમાવી રહ્યા છે. આકરી ગરમીના લીધે બપોરના સમયે શોપિંગ બજારમાં સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો.

### દુરસ્ત કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ હાલમાં નવીનીકરણ થઈ રહેલ ગટર યોજનાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી હતી. તેમાં ચેરમેનશ્રી દ્વારા નીચે મુજબના સૂચની કરી આગળની કાર્યવાહી કરવા માટે માર્ગદર્શન આપવામાં આવેલું છે.

પાટનગર યોજના વિભાગના સંચાલન હેઠળના જાસપુર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ સરગાસણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની તાત્કાલિક દુરસ્તી કરી અને અસરકારક રીતે પૂરી કાર્યક્ષમતાથી કામ કરે તે પ્રમાણેની કામગીરી પાટનગર યોજના વિભાગ દ્વારા સત્વરે હાથ ધરી અને પૂર્ણ કરવી આમ થવાથી ગટરના પ્રશ્નો ઘણાં ઓછા થઈ જશે.

ગાંધીનગર શહેરની ગટર યોજનાનું નવીનીકરણ ચાલે છે તેમાં જુના સેક્ટરોમાં તમામ ગટર લાઈનો નવી લેવામાં આવેલ છે. પરંતુ, સેક્ટર-૧ થી ૧૪ (નવા સેક્ટરો)માં રીંગ રોડ સુધીની જ ગટરલાઈનો નવી લેવામાં આવેલ છે. જ્યારે આંતરિક ગટર લાઈનો જૂની ચલાવવાની જોગવાઈ રાખવામાં આવેલ છે. ચર્ચા વિચારણા દરમ્યાન નક્કી થયું કે, નવા વિસ્તારોની ગટરલાઈન પણ આશરે વર્ષ ૧૯૯૫-૯૬ નાં વખતની છે. આથી TCE દ્વારા સર્વે કરી અને જે જગ્યાએ જૂની ગટરલાઈનો બદલવી જરૂરી જણાય ત્યાં તે પ્રમાણેની કામગીરી કરવા માટે દરખાસ્ત કરી પાટનગર યોજના વિભાગને તજજ્ઞ તરીકે માર્ગદર્શન આપવું અને સક્ષમ ક્ક્ષાએ મંજુરી અર્થે રજુ કરવું.

ગટર યોજનામાં ચણતર કામના મેનહોલ લેવામાં આવેલ છે ત્યાં આર.સી.સી. અથવા પ્રી-કાસ્ટ મેનહોલ (મશીનહોલ) ની શક્યતાઓ તપાસી TCE દ્વારા યોગ્ય સુચન કરવું.

હાલમાં જાસપુર ખાતે ગુડાના સુએજ વોટરનો ડીસ્ચાર્જ પણ જતો હોવાથી જાસપુર પ્લાન્ટ અસરકારક રીતે પરિણામ આપી શકતો નથી તેવું કાર્યપાલક ઈજનેરે જણાવતાં ચેરમેનશ્રી દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ કે જાસપુર ખાતેનો ગુડાનો STP તેમજ સરગાસણ ખાતે ટ્રીટેડ વોટર રી-યુઝ કરવા માટેનો ૫૦ એમ.એલ.ડી. નો STP પ્રોજેક્ટ સત્વરે શરૂ કરી અને પૂર્ણ કરવા માટે અનુક્રમે ગુડા તેમજ જી.ડબલ્યુ.એસ.એસ.બી ને જણાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### પ્રસંગસર

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઊંડાણથી સ્પર્શશે તે જ આહલાદક હોય છે. આવા હળવાફૂલ પુસ્તકનું મહત્વ કંઈ ઓછું ન આંકી શકાય. તે મનુષ્યના મુર્જાયેલ મનને ફરી ખીલવી દે છે.એટલે જ લોકમાન્ય તિલકે કહ્યું છે કે,

"હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કેમ કે તેમનામાં એવી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ ખડું થશે."

એકવાર લોકમાન્ય તિલકનું ઓપરેશન થઈ રહ્યું હતું, તેના માટે એમને બેભાન કરવાના હતાં, પરંતુ એને માટે તેમણે ડોકટરને ના પાડી અને કહ્યું, "મને એક ગીતાનું પુસ્તક લાવી આપો હું એને વાંચતો રહીશ અને તમે ઓપરેશન કરી નાંખજો. ગીતા લાવી આપવામાં આવી લોકમાન્ય એનો અભ્યાસ કરવામાં એવા તલ્લીન બની ગયા કે ડોકટરોએ ઓપરેશન કર્યું ત્યાં સુધી જરા પણ હલન ચલન કર્યું નહીં તેમજ તેમને જરાય દુ:ખ માલુમ પડ્યું નહીં. પુસ્તકો વાંચવામાં આવી એકાગ્રતા થાય છે, જે લાંબી યોગ સાધનાઓ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાતી નથી.

સારા પુસ્તકો માણસને જ્ઞાન અને આનંદ પ્રમોદ બંને પ્રદાન કરે છે. વિજ્ઞાન, વાણિજ્ય, કલા અને કાયદા કાનુનના પુસ્તકો મનુષ્યના જ્ઞાનમાં વધારો કરે છે. તેને વાંચી મનુષ્ય પોતાની અંદર આંતરિક શક્તિનો અનુભવ કરે છે. પુસ્તકો આપણને નવા નવા ક્ષેત્રો અને રહસ્યોનું જ્ઞાન તો કરાવે જ છે. પણ સાથે સાથે ચિંતન અને મનન કરવા માટે પણ ફરજ પાડે છે. પુસ્તકો મનુષ્યના સંકટોનો નાશ કરી તેના મનમાં દ્રઢતા જગવે છે. પુસ્તકો એવા માર્ગદર્શકની ગરજ સારે છે. જે ન તો મનુષ્યને દંડ આપે કે ન તો એ ક્રોધિત થાય અને બદલામાં આપણી પાસે કશું માંગતા પણ નથી એટલું જ નહીં સાથે પોતાના અમરત્વનો સાર દેવામાં પણ તે ક્યારેય નિષ્ફળ જતા નથી.

મનુષ્યના વિચારવૃદમાં પુસ્તકો જ શસ્ત્રો છે. સમાજની કાયાપલટ કરવામાં પુસ્તકોનું અમુલ્ય યોગદાન હોય છે.સમાજમાં જ્યારે પણ કોઈ પરિવર્તન આવે છે અથવા ક્રાંતિ થાય છે, તેના મૂળમાં હંમેશા કોઈને કોઈ વિચારધારા પુસ્તક સ્વરૂપે હોય છે. શ્રેષ્ઠ પુસ્તકો સમાજમાં નવચેતનાનો સંચાર કરે છે. અને સમાજમાં જાગૃતિ લાવવામાં પોતાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પુસ્તક વાંચવાથી મનુષ્યનો દ્રષ્ટિકોણ વ્યાપક બને છે .પુસ્તકો એવો શાશ્વત ખજાનો છે જે પાછલી પેઢીના અનુભવો યોગ્ય રીતે નવી પેઢી સુધી પહોંચાડે છે. તેના નિહિત જ્ઞાનને નષ્ટ કરવાની તાકાત કોઈમાં નથી. ટૂંકમાં પુસ્તકોનું મહત્વ અતુલ્ય છે, એટલે જ તો પુસ્તકો આપણા સાચા મિત્રો છે."જીવીશ, બની શકે તો એકલાં પુસ્તકોથી".

—કલાપી.

### આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યાર બાદ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું અને સુંજવાં વિસ્તારમાં મૂઠભેડ થઈ હતી. સવારના સમયે ત્યાં ૫ જવાનો ઘાયલ થયા હતા. તે સમયે આતંકવાદીઓએ યુબીજીએલ (ગ્રેનેડ લોન્ચર) વડે ગ્રેનેડ ફેંક્યો હતો. એડીજીપીજમ્મુ મુકેશ સિંહના કહેવા પ્રમાણે આતંકવાદીઓ સંતાયા હોવાની સૂચના બાદ તેમણે રાતના સમયે તે વિસ્તારની ઘેરાબંધી કરી હતી.

### કો-ફાયનાન્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એરેન્જમેન્ટના વિષય પર કામ કરી રહી છે. વાતચીતમાં સારી પ્રગતિ થઈ રહી છે. અમે આ વર્ષના અંત સુધીમાં એપટીએના સમાપનની દિશામાં સંપૂર્ણ પ્રયત્ન કરવાનો નિર્ણય લીધો છે. અમે ભારતમાં ચાલી રહેલા વ્યાપક રિફોર્મ, અમારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોર્ડેનાઈઝેશન પ્લાન અને નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન અંગે પણ ચર્ચા કરી. અમે ભારતમાં વધી રહેલા યુકેની કંપનીઓના રોકાણનું સ્વાગત કરીએ છીએ.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, આજે અમારા વચ્ચે ગ્લોબલ ઈનોવેશન પાર્ટનરશીપ ઈમ્પ્લિમેન્ટેશન એરેન્જમેન્ટ્સનું સમાપન એક ખૂબ જ મહત્વપૂર્ણ પહેલ સાબિત થશે. તે અન્ય દેશો સાથેના અમાર વિકાસ સહભાગીદારીપણાને વધુ મજબૂતાઈ પ્રદાન કરશે. તેના અંતર્ગત ત્રીજા દેશોમાં મેડ ઈન ઈન્ડિયા ઈનોવેશન ના ટ્રાન્સફર અને સ્કેલિંગ અપ માટે ભારત અને યુકે ૧૦૦ મિલિયન ડોલર સુધી કો-ફાયનાન્સ કરશે.

### ફાયરિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોએ જિતેન્દ્ર માન ઉર્ફે ગોગી (ગોગી ગેંગના લીડર)નો જીવ લીધો હતો. જોકે પોલીસે તે બંને બદમાશોને પણ ઢેર કરી દીધા હતા. દિલ્હી હાઈકોર્ટે રોહિણી કોર્ટમાં થયેલા ગોળીબાર મામલે સ્વત: સંજ્ઞાન લીધું હતું. સ્પેશિયલ સેલના જવાનોએ વકીલના વેશમાં આવેલા બદમાશો જે જિતેન્દ્ર ઉર્ફે ગોગીના સાથે હતા તેમના પર જવાબી ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં બંને હુમલાખોર ઢળી પડ્યા હતા. આ દરમિયાન એક મહિલા વકીલ પણ ઘાયલ થઈ હતી. સમગ્ર ઘટનાક્રમમાં ૩૫-૪૦ ગોળીઓ છૂટી હતી. કોર્ટ નંબર ૨૦૬ની બહાર આ પ્રકારની ઘટના બની હતી.